રસ્તા અને પુલોનાં કામોમાં ઈજારદારના
ઈજનેરની હાજરી, માલ સામાનનો સ્ત્રોત,
રોયલટીની ચકાસણી, વેટમીક્ષ મેકાડમની
કામગીરીમાં વિશેષ કાળજી, ડામર કામમાં
સ્ટારરેટનું ચુકવણું બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:-પરચ/૧૦/૨૦૧૫/૫૫/સી.
સચિવાલય, ગાંધિનગર
તા.૦૪/૧૧/૨૦૧૫

**<u>પ્રસ્તાવના</u>**

માર્ગ અને મકાન વિભાગનાં રસ્તા અને પુલોનાં કામો ટેન્ડરથી કરવામાં આવે છે. તેમાં ડામર કામવાળા કામોમાં સ્ટાર રેટનું ચુકવણું તથા વેટમીક્ષ મેકાડમની આઈટમ હોય, તેવા કામોમાં વિશેષ કાળજી લેવાની બાબત તથા બી-૨ કરારના ક્લોઝ-૧૮ મુજબ સાઈટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી બાબત તેમજ રસ્તાપુલોના કામો માટે ક્વોરી આધારીત માલ સામાનનો સ્ત્રોત મંજુર કરી તેની રોયલ્ટીની ચકાસણી બાબત વિચારણા હેઠળ હતી.

**<u>પરિપત્ર</u>**

પ્રસ્તાવનામાં જણાવેલ બાબતોએ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વધારાની શરતો ટેન્ડરમાં સમાવેશ કરવાનો રહેશે.

૧. ડામરકામ વાળાં કામો માટે હવેથી સ્ટારરેટનો તફાવત ચુકવતા પહેલાં ડામર જે રીફાઈનરીમાંથી ખરીદવામાં આવેલ હોય, ત્યાં ઈજારદાર દ્વારા રજુ કરવામાં આવેલા ડામરના ગેટપાસની જે તે રિફાઇનરી દ્વારા જ ગેટપાસ ઈસ્યુ કરવામાં આવેલ છે, તે ખરાઇ રીફાઇનરી પાસેથી કર્યા બાદ જ સ્ટારરેટનો તફાવત ચુકવવામાં આવશે. જે કામોમાં આયાતી (ઇમ્પોર્ટેડ) ડામર વાપરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જે બંદર પર ડામર આયાત કરવામાં આવેલ હોય તે ઓથોરાઈઝ્ડ ઈમ્પોર્ટરના તમામ સાધનિક કાગળો ચકાસી, ઓથોરાઈઝ્ડ ડીલર દ્વારા ઈમ્પોર્ટર પાસેથી ખરીદ કર્યાની વિગતોનો ચકાસણી કર્યાબાદ જ સ્ટાર રેટનો તફાવત ચુકવવામાં આવશે.

૨. જે કામોમાં વેટમીક્ષ મેકાડમની આઈટમ સ્પેસીફીકેશન પ્રમાણે પ્લાન્ટમાં મીક્ષીંગ કરવાની હોય છે, તેમાં હવેથી પ્લાન્ટમાંથી જે મટીરીયલ સાઇટ ઉપર મોકલવામાં આવે તેને ડામરનાં હોટ મીક્ષ પ્લાન્ટ માટેનાં કામોમાં જે રીતે ગેટ પાસમાં નોંધ થાય છે તે

મુજબ ગાડીનું ખાલી અને ભરેલ વજન, વાહન નિકળવાનો સમય વગેરે લખીને મોકલવાનું રહેશે. કામનું ચુકવણું કામના સ્પેશીફીકેશનને ધ્યાને રાખી ગેટ પાસ આધારીત ન કરતાં વોલ્યુમેટ્રીક પધ્ધતિથી કોમ્પેક્ટેડ ડેન્સીટીને ધ્યાને રાખી નિયત ધારાધોરણ મુજબના ડેન્સીટી ટેસ્ટ લઇ થીકનેસ ચકાસી તે મુજબ કરવામાં આવશે. જો ઈજારદાર દ્વારા વેટમીક્ષ મેકાડમનું મીક્ષીંગ સાઈટ ઉપર કરવામાં આવશે તો તેનું ચુકવણું કરવામાં આવશે નહીં અને કરારના ભંગ બદલ તેઓ સામે પગલાં લેવાનાં રહેશે.

૩. રસ્તા/ પુલોના કામોમા મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિગેરેના વપરાશ માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા આ મટીરીયલ માટેનાં સ્ત્રોત મંજુર કરવાની જોગવાઈ છે. દરેક કામમાં વપરાતા મેટલ, કપચી, ગ્રીટ, માટી, રેતી વગેરેનો સ્ત્રોત કામની શરૂઆતમાં મંજુર કર્યા અંગેનો હુકમ કા.ઈ.શ્રી. દ્વારા કરવાનો રહેશે તથા કામના ચુકવણા કરતા પહેલા કામમાં વાપરવામાં આવેલ મટીરીયલ મંજુર કરેલ સ્ત્રોતમાંથી જ લેવામાં આવેલ છે તેની ખરાઇ જે તે મટીરીયલના રોયલ્ટી પાસ આધારીત બીલનું ચુકવણું કરવામાં આવશે.

૪. બી-૨ કરારના ક્લોઝ-૧૮ માં રૂ. ૧ કરોડથી વધુ રકમનાં કામો માટે સાઇટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી ફરજીયાત છે, તેમજ આ ક્લોઝમાં ઈજારદારનાં ઇજનેર નોટીસ આપવાં છતા પણ સાઈટ ઉપર હાજર રહેતા ન હોય, તો ઇજારદારનું રજીસ્ટ્રેશન રદ કરવાની પણ ક્લોઝમાં જોગવાઈ છે. કરારના આ ક્લોઝનું ચુસ્તપણે પાલન થાય તથા દરેક કામ માટે ઇજારદારે રાખેલ ઇજનેરનું નામ અને અન્ય વિગતો તથા અન્ય કામ ઉપર તેઓની નિમણૂક નથી તેવું નોટરાઇઝ્ડ સર્ટીફીકેટ સાથે વર્ક મોનીટરીંગ સીસ્ટમમાં અધતન રાખવાની રહેશે.

૫. રસ્તાના કામોમાં આયાતી ડામરનો ઉપયોગ કરવાની પરવાનગી પ્રથમ વિભાગના તા.૦૨/૦૯/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ અને ત્યારબાદ આ પરિપત્ર સંદર્ભે તા.૦૮/૧૨/૨૦૦૮ નો સુધારેલ પરિપત્ર ક્રમાંક : એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ થી આપવામાં આવેલ છે. વિભાગ દ્વારા હવે પેનીટ્રેશન ગ્રેડના સ્થાને વિસ્કોસીટી ગ્રેડ ડામર વાપરવાની જોગવાઇ ટેન્ડરમાં કરવામાં આવે છે, જેથી વપરાશમાં લેવામાં આવતા ડામર અંગે વિભાગના તા.૦૮/૧૨/૨૦૦૮ ના પરિપત્રમાં જણાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન થાય અને જે આયાતી ડામરનો વપરાશ કરવામાં આવે તે specification મુજબનો વિસ્કોસીટી ગ્રેડના ધારાધોરણને અનુરૂપ છે કે નહીં તેની ચકાસણી કરીને જ તેનો ડામરના કામમાં વપરાશ કરવાનો રહેશે. વધુમાં એવા બનાવો કે જે કામોમાં આયાતી ડામર વાપરવા માટે લાવવામાં

આવેલ હોય અને તે પરીક્ષણોમાં વિસ્કોસીટી ગ્રેડ નહીં પરંતુ પેનીટ્રેશન ગ્રેડ મુજબનો જણાય તેવા કિસ્સામાં તે રીજેક્ટ કરી આવા ડામરના સપ્લાયરની સામે પગલા લેવાની ભલામણ સહ તે બાબતની જાણ અત્રે કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

(૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, (મા. અને મ.) વર્તુળો/આલેખન/પાટનગર યોજના/એક્સપ્રેસ વે વર્તુળ સહિત

(૨) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત ( મા.મ. ) વર્તુળો.

(૩) નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા

(૪) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ

(૫) સર્વે તાંત્રિક અધિકારીઓ (બધા ના.કા.ઇ.શ્રી ઓ સહિત) મા.મ. વિભાગ

(૬) સર્વે પ્રોજેક્ટ શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધિનગર.

(૭) સીલેક્ટ ફાઇલ-૨૦૧૫